

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ના-મર્દ પ્રેમીની સાક્ષીમાં પ્રેમ 'ચૂંથાઈ' જાય છે!*
*કુંભકર્ણો જાગે તો તપાસમાં - ગૂંથાઈ જાય છે!*
*રૂંધાઈ જાય છે ત્યાં સુધીમાં તો આત્મા સુરક્ષાનો -*
*પડી ન કોઈને - 'રાજકારણ' જૂથાઈ જાય છે...*
*(સંસ્કારી નગરીમાં દુરાચાર)*

### હાઈકુ

*કરે છે દૈત્યો -*
*અબલા નારી પર -*
*હેવાનિયત...*

*છે ઉલ્લંઘન,*
*સામાજિક મૂલ્યોનું -*
*થયું પતન...*

### ચિંતન

**પ્રત્યગ્રેકરસં પૂર્ણમનન્તં સર્વતોમુખમ્ ।**
**એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાસ્ડસ્તિ કિંચન ॥**

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે અંતરાત્મા એકરસ પરિપૂર્ણ અનન્ત અને સર્વવ્યાપી છે તે એક ને અદ્વિતિય બ્રહ્મ છે, એમાં કોઈ પ્રકારની અનેકતા નથી.

આત્માને ધ્યાન-ભક્તિ-તપ દ્વારા ઈશ્વરમય-બ્રહ્મમય 'એકરસ' બનાવી નાખવો જોઈએ તું અને બ્રહ્મ અલગ નથી આપણે ઈશ્વરના જ અંશ છીએ અને સમજી-વિચારપૂર્વક અનન્ય થઈ જવું એ જ પરમ - આત્મા થઈ શકવાની પરમ રીત છે.

### સુવિચાર

- બધામાં પરમાત્મા દેખાય, ગાયમાં, કૂતરામાં બધામાં દેખાય એટલાં માટે આ મનુષ્ય જન્મે છે. પોતે પરમાત્મા થાય ત્યારે બીજામાં પરમાત્મા દેખાય - **આપ્તસૂત્ર**
- સંસારનું એકેય દુઃખ અડે નહીં, એનું નામ આત્મા જાણ્યો કહેવાય - **રમણ મહર્ષિ**
- આદમી કો આદમી બનાને કે લીયે, છોટીસી પ્રેમ કહાની ચાહીયે, કાગજ પર લિખનેવાલી રોશનાઈ નહીં, આંખો મેં થોડા સા પાની ચાહીયે - **કવિ નિરજ**
- તમારી અંદર કડવાશ કેટલી ઓછી થઈ છે તેના પરથી તમારામાં રહેલા વિવેકની જાણકારી મળે છે - **અનામી**
- દેવદૂત પોતાની મહાનતાનો બોજ ઉઠાવીને ફરતા નથી એટલે ઊડી શકે છે - **સંત જહોન**
- નર્વસ બ્રેકડાઉન તરફ આગળ વધવાનું એક લક્ષણ એ છે કે તમે પોતાનું મહત્ત્વ જરૂર કરતાં વધારે આંકો - **બર્ટ્રાન્ડ રસેલ**
- આજનું ઔષધ : કાનમાંથી રસી નીકળતી તો હોય તો ગૂગળનો ધુમાડો કાન ઉપર લેવો

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કોઠાસૂઝ અને પ્રામાણિકતાથી ઉત્તમ સાબિત થયેલા ચોત્રીસમા અમેરિકન પ્રેસિડેન્ટની આત્મકથાનો અંશ આ મુજબ છે. અમેરિકન આર્મીના જનરલ આઈઝન હોવર બીજા વિશ્વયુદ્ધ વખતે યુરોપમાં મિત્ર સૈન્યના સુપ્રિમ કમાંડર હતા. તેમના હાથ નીચે ચાલીસ લાખ સૈનિકો અને ડજન બંધ જનરલો હતા. એરિક પેટર્ન એમાંનો એક મોવડી હતો. તે ટેન્ક દળનો વડો અને નિષ્ણાંત હતો. પેટર્ન એક વાર ઘાયલ સૈનિકોની હોસ્પિટલમાં ગયો. ત્યાં એક સૈનિકને જોયો. એને પૂછ્યું 'તમે તો ગાયલ થયા લાગતા નથી તો પછી તમે અહિંયા શું કરો છો?' સૈનિકે કહ્યું, 'મને મોરચા પર બહુ બીક લાગે છે.' પેટર્નનો પિત્તો ગયો. એણે પેલા સૈનિક ને તમાચો માર્યો અને કહ્યું, 'બીકણ, હોસ્પિટલ તારા માટે નથી.' ડૉકટર,નર્સ બીજો સ્ટાફ પણ આશ્ચર્યમાં ડૂબી ગયો. ડૉકટરે પટર્નને કહ્યું પણ ખરું, 'મેરિક મહાશય, આવું વર્તન તમને શોભતું નથી.' પેટર્ને કહયું, 'બીકણને મારા સૈન્યમાં સ્થાન નથી.' આ પ્રરસંગની ચર્ચા આઈઝન હોવર સુધી પહોંચી. પેટનની પૂછપરછ થઈ તેની ટેન્કયુદ્ધમાં હોંશિયારી હતી. પણ સ્વભાવ તુમાખીવાળો હતો. તેણે રુઆબથી કહ્યું,'હું રાજીનામું આપી દઉં પણ મારી માફી નહીં માંગુ.' આઈઝન હોવરે એરિકને બોલાવી કહ્યું, 'એ માત્ર સૈનિક નથી, અમેરિકન નાગરિક છે. અમેરિકામાં કોઈને પણ કોઈ મોટામાં મોટો માણસ લાફો મારે એ બની જ ન શકે.' મહામન્હેનતે એરિકને સમજાવ્યો અને એ જ હોસ્પિટલમાં જઈ સૌની હાજરીમાં પેટન પેલા સૈનિક ની માફી માંગે તેવું ગોઠવ્યું. આઈઝન હોવરે એક ક્ષણ માટે પણ ન વિચાર્યું કે યુદ્ધ ચાલુ છે અને જો આ ટેન્ક યુદ્ધનો મહારથી રાજીનામું આપશે તો શું થશે ? આઈઝનર હોવરે કહ્યું, 'અન્યાય એ અન્યાય છે. મોટો કરે કે નાનો, એ ચલાવી ન લેવાય, એ પાયાની વાત છે.' પેટને માફી માગવી જ પડી.

# હજુ, કયાં સુધી નિર્ભયાકાંડ સાંભળવાના

**તંત્રીસ્થાનેથી...**

સ્ત્રીને 'ભોગ્યા' માનનારી પ્રજા કયારેય મહાન થઈ શકે નહીં. આપણા દેશમાં તો નારીને દેવી ગણી પૂજવાની પરંપરા હતી. 'યત્ર નાર્યસ્તૂ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ' જેવાં સૂત્રો રચાતાં હતા. નારીને નારાયણી ગણનારા દેશમાં જ દિલ્હીનો નિર્ભયાકાંડ પણ બની શકે એ મોટી વિડંબના છે. દુષ્કર્મ અંગેના કાનૂન વધારે કડક બનાવ્યા પછી પણ એમાં ઘટાડો નથી થતો તે આપણી પ્રજાના અંતર્નિહિત નિર્બળતા સૂચવે છે. તેલંગાણામાં દુષ્કર્મના સૌથી વધુ કેસ નોંધાયા રહે છે એવા અહવાલ છે. શું આ ભૂમિનો પ્રતાપ હશે ? તેલંગાણાના મુખ્યમંત્રી પણ ઘટના બન્યા પછી લાંબો વખત મૌન રહે છે તે શું સૂચક નથી? મુખ્યમંત્રીએ આ જઘન્ય અપરાધ કરનારાઓ સામે ફાસ્ટ ટ્રેકમાં કોર્ટમાં કામ ચલાવાશે એવી ખાતરી આપીને પ્રજાનો રોષ ઓછો કરવા પ્રયાસ કર્યો છે અને એમના દીકરાએ વડાપ્રધાનને આવા કિસ્સાઓમાં અપાતી ફાંસીની સજા જલદી અમલી બનાવવા વિનંતી કરી છે. હૈદરાબાદ નજીક શાદનગરની ઘટના કોઈ પણ સભ્ય સમાજનું માથું શરમથી નીચું નમાવી દે એવી અને પથ્થરદિલ માનવીનું પણ હૈયું પીગળાવી દે એવી છે. નિર્ભયા સાથે તો એનો બોયફ્રેન્ડ પણ હતો. આ બિચારી વેટનરી ડૉકટર એકલી હતી અને એની બાઈકમાં ટાયરમાં પંકચર કરીને પછી એને રિપેર કરવામાં મદદરુપ થવાનું નાટક રચનારા ટ્રક ડાઈવર તથા એના દુષ્ટ સાથીદારોએ એને જે રીતે ફસાવી, એના પર વારંવાર વારાફરતી રેપ કર્યા પછી પણ એને જીવતી નહીં જવા દેતાં પેટ્રોલ છાંટીને સળગાવી મૂકી - એ દિલ દહેલાવી દેનારી ઘટના એકવીસમી સદીના હિંદુસ્તાનમાં બને છે ત્યારે એ એક પ્રજા તરીકે આપણે કેટલા વામણા છીએ એનો અહેસાસ થયા વિના રહેતો નથી. વેટરનરી ડૉકટર મહિલા આવી હેવાનિયતનો શિકાર બની ગઈ અને આપણી સંસ્કારિતા સામે અનેક પ્રશ્નાર્થો મૂકતી ગઈ. દિલ્હીના નિર્ભયાકાંડની જેમ જ આ ઘટનાએ દેશ આખાને હચમચાવી દીધો છે. પોલીસ શરુઆતમાં એની પરંપરાગત છાપ મુજબ ઢીલું મુકતી રહી. પરંતુ જયારે પ્રજાકીય આક્રોશ ઉગ્ર બનતો લાગ્યો ત્યારે એને સક્રિય બનવું પડ્યું. ગુનેગારો પકડાઈ ગયા છે. એમની સામે કેસ પણ ચાલશે, એમને કડક સજા પણ થશે. પરંતુ લાખ રૂપિયાનો પ્રશ્ન એ જ રહેશે કે શું આવી દુર્ઘટનાઓ સદંતર બંધ થઈ શકશે ખરી ? આપણા ઋષિઓએ છ આંતરિક શત્રુઓ ગણાવ્યા છે એમાં સૌથી મોખરે છે કામ. આ કામ પર તો ખુદ દેવાધિદેવ મહાદેવ પણ ભારે નથી પડી શક્યા. એ વિશ્વામિત્રને ચળાવી શકતો હોય ત્યાં પેલા દારૂડિયા ટ્રક ડાઈવરોનું શું ગજું ? પરંતુ આવા કિસ્સા અટકાવવા હોય તો ધર્મ, શિક્ષણ અને રાજકારણના માંધાતાઓ ઉપરાંત ન્યાયવિદોએ પણ આગળ આવીને ઉગ્ર સજાની માગણી અને વ્યવસ્થા ઊભી કરવી જ પડશે. સાઉદી અરેબિયામાં હમણાં એક પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મનો કિસ્સો બહાર આવ્યો હતો. ગણતરીની મિનિટોમાં ગુનેગારને ઝડપી લઈ ક્રૂરતાપૂર્વક જાહેર રસ્તા પર ત્યાંના ઈસ્લામિક કાનૂન મુજબ ગોળીએ દેવાયો અને એનું શબ જાહેર ચોકમાં ક્રેન પર લટકાવી દીધું. એ ઘટનાનો વીડિયો જોઈ હચમચી જવાય છે - પરંતુ દુષ્કર્મ કરનારને આવી સજા મળે તો જ બીજા લોકો આવાં દુષ્કૃત્યો કરતા અટકે, એ પણ સાચું છે. આપણા લોકશાહી દેશમાં ગુનેગારને પોતાની નિર્દોષતા સાબિત કરવાની તક અપાય છે. ફાંસીની સજા કરાયા પછી પણ રાષ્ટ્રપતિને દયાની અરજી કરી ગુનેગાર બની શકે છે. નિર્ભયા કેસના ગુનેગારો હજી જીવે છે!

# માણસને માણસાઈનું અજવાળું



અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અમે અમારે ત્યાં માણસ પગ મુકે અને ઓળખી જઈએ.' આ વાક્ય ફોન પર આમ જુઓ તો એક સાવ અજાણ્યો માણસ દિપેશને કરી રહ્યો હતો, ઉપરાંત દિપેશના ભરોસે એ માણસ દિપેશના કર્મચારીને રૂપિયા પાંચ હજાર જેવી રકમ તત્કાળ ઉછીની આપી રહ્યો હતો....

દિપેશને નવાઈ લાગી... આ જમાનામાં પણ આવા પરગજુ માણસો હોય શકે ? વાસ્તવમાં એને આનંદ થયો કે હજુ માણસાઈથી ભર્યા ભર્યા માણસો દુનિયામાં ને પોતાની આસપાસ શ્વસે છે. પોતાના પર મુકેલા ભરોસા બાદ એ વિશ્વાસને સાચો પાડવા કહ્યા મુજબના સમય કરતા એક દિવસ બહારગામથી વહેલા આવીને એ માણસને પાંચ હજાર આપી દીધા, મિઠાઈનું પૅકેટ પણ આપ્યું તો કોઈ ઉપકારની ભાવના સાથે સાહજિકપણે કહે - હું તમને નહીં, તમારી અંદર રહેલા માણસ ઉપર ભરોસો રાખું છું.

ઔદ્યોગિક રીતે સતત વિકસતા જતા અમદાવાદને અડીને આવેલા એક વિસ્તાર એટલે ચાંગોદર. અહીં અનેક ફેકટરીઓ આવેલી છે જેમાં જુદા જુદા ઉદ્યોગો સાથે જોડાયેલા ઉત્પાદન એકમો કાર્યરત છે. આ મહાકાય ફેકટરીઓ અહીં બનતી હોય ત્યારે એમાં અને પછી એ કામ કરતી થાય ત્યારે એમાં મોટી સંખ્યામાં લોકોનો રોજગારી મળે છે.

આવી જ એક ફેકટરીનું નિર્માણ કાર્ય શરૂ થયું, એટલે કે ભૂમિપૂજન થયું ત્યારથી દીપેશને આર્કિટેક્ટ તરીકે એ સ્થળે જવાનું થતું હોય. અમદાવાદથી જયારે જયારે જવાનું થા ત્યારે એ પોતાની કાર લઈને જાય, કયારેક આસીસ્ટંટ સાથે હોય, કયારેક એકલો હોય, સવારે ઘરે બ્રેકફાસ્ટ લઈને જાય અને બપોરનું ભોજન સાથે લેતો જાય. બપોરે જમીને સાંજે પરત આવે.

હવે થાય એવું કે ફૅટકરીમાં હજુ કાચી-પાકી ઝૂંપડી કે ઓરડી પણ માંડ એકાદ મહિનો તો ગાડીમાં કે કયારેક ઓરડીમાં ને કયારેક ઝાડ નીચે ભોજન કરી લેતો એ બપોરનું. એક દિવસ એને થયું કે કામ તો ચાલશે... શું કરવું ? દીપેશે જોયું કે ફેકટરીના ગેઈટમાંથી બહાર આવતા ડાબી બાજુએ એક દેશી ઢાબું આવેલું છે ! ત્યાં ગયો, આવો આવો સાહેબ... આવકાર મળ્યો... દીપેશે માત્ર છાશ બે જણાની મંગાવી... કહ્યું કે અહીં અમે તમારે ત્યાંથી કાંઈ ભોજન ન ખરીદીએ પણ તમારી જગ્યાનો ઉપયોગ કરીએ, અમારું ભોજન કરીએ તો તમે હા પાડો ?...પેલો માલિક કહે.... છાશ પણ ના લો તોય ચાલે... આવું એકાદ મહિનો ચાલ્યું.

એક દિવસ ફેકટરીના પગીને અચાનક પોતાને ગામ જવાનું થયું. કોઈની બિમારી આવી હતી, પાંચ હજાર રૂપિયાની પણ જરૂર હતી. પગીએ પેલી હોટલમાંથી ચા-પીતા પીતા દીપેશને ફોન કર્યો... કહ્યું કે કાલે આવો ત્યારે પૈસા લેતા આવો તો આભાર માનીશ... હવે દીપેશ ત્રણ દિવસ બહારગામ હતો... લાંબી વાત ચાલી.... હોટેલના માલિકે સાંભળી, ફોન તેણે માંગ્યો.... પગીના ફોનમાંથી દીપેશને કહે કે તમે અઠવાડિયામાં બે-ત્રણ વાર મારે ત્યાં તમારું ટીફીન લઈને જમવા આવો છો એ જ દીપેશભાઈ ? જવાબ મળ્યો હા... તો કહે હું તમને ને આ પગીને, બંનેને ઓળખું છું, ચિંતા ન કરો, આ પગીને અત્યારે હું પાંચ હજાર આપું છું... તમે મને જયારે પણ અહીં આવો ત્યારે આપજો... દીપેશે કહ્યું, તમારી પાસે મારી કોઈ ઓળખ નથી તોયે ? તો કહે અમે અમારે ત્યાં પગ મુકે ત્યાં માણસને ઓળખી જઈએ...

આજકાલ મોટાભાગે કોઈ અજાણ્યા પર વિશ્વાસ કરતું નથી અને એવા સમયે એક નાનકડા ઢાબાનો માલિક માત્ર થોડા દિવસના પરિચયમાં કોઈના વતી કોઈને મોટી રકમ ચુકવી દે, એ વાત જ માણસના અને માણસાઈમાં ભરોસો પેદા કરાવનારી છે.

આખરે માણસનો મૂળ સ્વભાવ તો બીજાને મદદ કરવાનો જ હોય છે. યોગ્ય સમય અને સંજોગ આવે ત્યારે એનામાં રહેલી માન્યતા-પ્રેમ-પ્રમાણિકતા સાહજિકપણે પ્રગટ થાય છે.

માણસને માણસમાં જયારે જયારે વિશ્વાસ બેસે - ભરોસો થાય, ત્યારે ત્યારે માણસાઈના અજવાળા રેલાય છે.

# જો જો દુષ્કૃત્યનાં વિરોધના ધરણાં ઉપવાસ કે કેન્ડલમાર્ચમાં આટલાં લોકો તો ન જ જતાં



વિચારયાત્રા

ડો. જય ઓઝા

*અબ બસ...*
*અબ કોઈ શ્રદ્ધાંજલિ નહિં, કોઈ શૌક સભા નહીં*
*કોઈ કૈંડલ માર્ચ નહીં, કોઈ નાટક નહીં*
*કોઈ ઢોંગ ઔર દિખાવા નહીં, અબ કિસી કી ભર્ત્સના ભી નહીં*
*અબ કિસી કી કડી નિન્દા ભી નહીં, અબ કિસી સે કોઈ ઉમ્મીદ ભી નહીં*
*અબ બસ તુમ હો, ઔર તુમ્હારા ધર્મ હૈ*
*તુમ હો ઔર તુમ્હારા પૌરુષ હૈ, તુમ હો ઔર તુમ્હારા સ્વાભિમાન હૈ*
*શાસ્ત્ર કે સાથ શસ્ત્ર ધારણ કર, બસ ધર્મ કા માર્ગ નિર્ધારણ કર*
*યા તો શત્રુ કા સર્વનાશ કરો, યા ફિર અપની બારી કા*
*ઈંતજાર કરો, યાદ રહે*
*હર બાર સે પહલે તક, હર કન્યા*
*અપને પરિવાર કો સુરક્ષિત લગતી થી, ઠીક વૈસે હી જૈસે કિ*
*નિર્ભયા કે વક્ત, પ્રિયંકા સુરક્ષિત થી*
*ઔર આજ પ્રિયંકા કે વક્ત, તુમ્હેં ઔર હમેં અપની*
*બહન બેટી સુરક્ષિત લગ રહી હૈં*

**(સૌજન્ય : વોટ્સએપના અનામી પણ ખાસ કવિ)**

નૃશંસ, ઘાતકી, રાક્ષસી કૃત્ય... ફરીએકવાર સમગ્ર દેશમાં આક્રોશ છે. ફરીવાર ''નિર્ભયા''ના સમયે જે જુવાળ ઊભો થયો હતો તેવો ''પ્રિયંકા'' માટે પણ છે, દેશની બહેન દિકરી સુરક્ષિત નથી જ નથી. આ ગુસ્સો આ વેદના આપણને સહુંને ચચરે તે સ્વાભાવિક છે. સમાચાર છે કે પીડિતા દિકરી પશુઓની ડોક્ટર હતી અને તે અબોલ પશુઓની ભાવના અને સ્વભાવ તો સારી રીતે જાણતી હતી પણ પુરુષમાં રહેલા પશુને નહોતી જાણતી..

પણ સાથે સાથે એ પણ વિચાર આવે કે, આવા સિઝનલ પીડાના ઊભરા આવતા હોય તો, એ નકામા છે.

વાસ્તવમાં આપણાં સમાજમાં દંભીઓનો રાફડો છે. જે વિચારે કંઈક બોલે વળી બીજું અને કરે તો વળી કંઈક ત્રીજું જ. તો આવા દંભી ડબલ સ્ટાન્ડર્ડ ધરાવતા બંને બાજુ ઢોલ પીટતા નઘરોળ દુષ્મતિવાહક કુજનોએ તો આ દુર્ઘટનાનાં વિરોધના ઠાલા દેખાવ કરવા જ નહીં.

એવા અક્કલમઠ્ઠા અને રાજકીય ખીચડી પકવનારા તકસાધુઓ તો દૂર જ રેહજો.

મહારાષ્ટ્રનાં સર્કસ સમા રાજકીય નાટ્યના મંચનના ખૂબ ઢોલ પીટી પીટીને રોકડી કરનારા મીડિયાને સર્કસનાં અંત પછી નવી કોઈ સ્ટોરીની તાત્કાલિક આવશ્યકતા હતી,તે નવી સ્ટોરી તરીકે રજૂ કરીને લોકોની ભાવના જોડે રમવાનું અને ઉલ્લુ બનાવીને ટી.આર.પી. મેળવવાની કુચેષ્ટા કરનારા દંભી તો આ પીડાનું નાટક કરવાથી દૂર જ રહેજો.

ત્યારબાદ સોશ્યલ નેર્ટકિંગ સાઈટ પર #(હેશટેગ) ચળવળ ચલાવી ચલાવીને લાઈક્સ કે નવી નવી પોસ્ટ મેળવવાની ઘેલછા ધરાવતાં નઘરોળ તો દૂર જ રેહજો. નહીંતર અંટાઈ જશો.

ઓનલાઈન ન્યૂઝની માફ કરજો ઓનલાઈન પંચાતની ઊલટી કરનારા વટાળીયાઓ...તમને તો આ પીડામાં ક્યાથી કંઈ લાગે વળગે!!! ગલગલિયા કરાવતાં સમાચાર અને ફોટાની ક્લિપ કે મુખ્ય હેડલાઈન બનાવનારાઓ તમે જ તો ક્યાંક ને ક્યાંક આવી દુર્ઘટનાઓના મૂળ છો. આ કાતરાઓની અમુક હેડલાઈનનાં નમૂના જુઓ...પ્રિયંકાના બેડરુમમાં કંઈક એવુ ઘટ્યું કે..મારા લગ્નની પહેલી રાત હતી, હું દુધનો ગ્લાસ લઈ બેડરુમમાં ગઈ... સ્વીમસૂટમાં આ પાંચ અભિનેત્રીઓનો જુઓ ખાસ અંદાજ...હૂંફળા ગરમ પાણીનાં સ્વાસ્થ્યવર્ધક ફાયદા(હેડલાઈન નીચે મહિલાનાં નિતંબ અને ઉદરનાં ભાગને દર્શાવવામાં આવે છે.) પાણી પીવાના ફાયદા દેખાડવા માટે પણ સ્ત્રીનાં શરીરનુ પ્રદર્શન!!!! સ્ત્રીને ઉપભોગની વસ્તુ તરીકે ઠસાવી દેવાનુ કામ તો આ શઠ પ્રોડક્ટ્સવાળા વર્ષોથી કરી રહ્યા છે.

શરમ....આવે છે એ જોઈને કે, જ્યારે ટી.વી. પર કોઈ પારિવારિક કાર્યક્રમ જોતા હોઈએ અને ત્યારે પણ વચ્ચે બ્રેકમાં ઘરવપરાશની અથવા રસોડામાં ઉપયોગી વસ્તુની જાહેરાતમાં પણ સરવાળે તો સ્ત્રીને જ ઉઘાડી દેખાડવામાં આવે છે. સ્પ્રે કે ડિઓની જાહેરાત તો માદક અંગભંગિમાઓથી જ વ્યાપ્ત હોય છે. અને છડેચોક નિર્વસ્ત્ર થતા શરીરને ફરજિયાત દેખાડવામાં આવે છે...શું આ નૈતિક જવાબદારી સ્વીકારીને આ કંપનીઓને તાત્કાલિક બંધ ન કરી દેવી જોઈએ!!!

બિગબોસ જેવા છેલ્લીકક્ષાના વલ્ગર કાર્યક્રમને ટી.વી.પર નિહાળતા યુવાવર્ગ પાસે શું અપેક્ષા રાખી શકાય! તેમાય વળી આ વેબ-સીરિઝ કે જેના પર તો કોઈ સેન્સરશીપની તલવાર લટકતી નથી.અને તેઓ ઉઘાડે છોગ અપશબ્દો અને કામૂક દશ્યોની ભરમારથી જ શો હિટ કરવા માગતા હોય છે. સેન્સરશીપ અંદરથી જ આવવી જોઈએ... શું જોવું શું ન જોવું નો વિવેક વ્યક્તિએ સ્વયં ઊભો કરવાનો છે.

સોડા બોટલના ઉભરા આવતા હોય તેવા સ્મશાન વૈરાગ્ય ધરાવતા લોકો પણ આ દુર્ઘટનાને અમુક સમય પછી ભૂલી જવાના હોવ તો દૂર જ રહેજો.

કેન્ડલમાર્ચ કાઢવી અને પ્રદર્શન કરવું એ આપણો સંવિધાનિક અધિકાર છે..પણ આપણી નૈતિક જવાબદારી છે કે નહીં?? મારે શું? અને મારે તો હું ભલો અને મારો પરિવાર ભલો ૯ થી ૫ ની નોકરી કરીને સાંજે આવા અરેરાટીવાળા સમાચાર સાંભળીને દુઃખ વ્યક્ત કરીને શિષ્ટાચાર પૂર્ણ કરી દેવો હોય તેવા કામઢા લોકો પણ આ વખતે દૂર જ રહેજો.

આ અતિસંવેદનશીલ મુદ્દા પર ન્યુઝ રુમમાં બેસીને પેનલ ઈન્ટર્વ્યુ આપતા જાડી ચામડીના સામાજિક સંસ્થાઓના બેશરમ ચેહરાઓ કે જેઓ વળી પાછા સ્ત્રીઓએ કેવી વર્તણૂંક કરવી જોઈએ અને કેવા કપડાં પહેરવા જોઈએની ચર્ચા કરનારા આ વખતે તો મૂંગા જ રેહજો..નહીંતર અંટાઈ જશો..

એક પી.યુ.સી. કે હેલ્મેટ વગરનાં વાહન પકડવા ટ્રાફીક પોલિસની મોટી ફોજ ઉતરતી હોય તો આવા અપરાધને રોકવાની કટિબદ્ધતા ક્યારે દૃષ્ટિગોચર થશે...

લાલ સલામ કરનારા, મોટી મોટી બિંદી લગાવીને મહિલા અધિકારોની વકીલાત કરનારા, બોલિવુડ હસ્તીઓ અને એવા લેભાગુઓ કે જેઓ માત્ર એક સમૂહ વિશેષ માટે ગાળો ભાંડતા અને બીજાને છાવરનારા દોગલાઓ, ફેસબુક કે ટ્વીટર પર શેમ શેમ કરનારા પોસ્ટર પકડીને ઊભા રેહનારા તો આઘા જ રેહજો...અંટાઈ જાશો...

હૈદરાબાદવાળી ઘટનાને અમુક કલાકો પણ નહોતા થયા અને રાજકોટની ઘટના સામે આવી છે. ક્યાં જઈને અટકશે આ સમાજ..કોઈ પ્રદેશ કે કોઈ જાતિ આ દુષ્કર્મથી બચી શકી નથી..

આજે હવે પરિવાર ટૂંકા થતા જાય છે. પરિવારમાં દાદા-દાદી રહ્યાં નથી તેમની સંસ્કાર આપતી વાર્તાઓનો દુકાળ પડ્યો છે. અરે માતા-પિતા બંને નોકરિયાત હોવાથી બાળકને ગુણત્તાયુક્ત નૈતિક શિક્ષણ તો અપાતુ જ નથી.

આજે હવે જાગી જવાનો સમય પાકી ગયો છે, સ્ત્રી ઉપભોગની વસ્તુ નથી. આપણાં છોકરાંને છોકરીઓ સાથે કેવી સન્માનપૂર્વક વર્તણૂક કરવી જોઈએ તેનુ શિક્ષણ તો આપણે જ આપવું રહ્યું. આ સમાજ આપણાંમાના એક-એક વ્યક્તિથી જ બનતો હોય છે. આજનો તો સમાજ જ બગડી ગયો છે, તેમ કહી દઈને હાથ સંકોરી નહી શકાય.

બાકી આંખોથી બળાત્કાર કરતી કામી આંખોને તો ઓફિસમાં કે રસ્તે નીકળતી કે પછી બસ કે ટ્રેનમાં મુસાફરી કરતી મહિલાને કેવી કેવી નજરોથી વીંધતી હોય છે, તે આપણામાંનો દરેક જાણે છે.

શાળાઓમાં પણ ગણિત,વિજ્ઞાનની જેમ જ ભાષાને(સંસ્કૃત,હિન્દી,ગુજરાતી) પણ વિકસાવવી પડશે. આપણા નિર્ભેળ

અનુસંધાન પાના નં ૭ પર

# જ્યારે પત્નિ કે પતિ નમે છે ત્યારે એમાં લાચારી કરતાં ખાનદાની વધુ હોય છે



આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જેફ બેઝોસ. આ નામ પડે એટલે બીઝનેસ વર્લ્ડના બીગ ટાયફુનની આર્થિક તાકાત કહાની યાદ આવે. એમેઝોનના માલિક જેફ બેઝોસ મલ્ટી બિલિયોનર છે. હમણાં હમણાં જેફ બેઝોસ બિજનેસ કરતાં એના અંગત જીવન માટે વધુ ચર્ચામાં છે. મેકેન્ઝી સાથે જેફના લગ્નનો અઢી દાયકા પછી અંત આવ્યો. મેકેન્ઝીને જેફની સંપત્તિનો એક ચતુર્થાંસ ભાગ મળ્યો. લગભગ ૩૫ બિલિયન ડોલર મેકેન્ઝીને મળ્યાં. ભારતીય ચલણમાં જો એને કન્વર્ટ કરવામાં આવે તો આ આંકડો ૨૪ ટ્રીલીયન રૂપિયાથી પણ વધારે થાય. સ્વાભાવિક રીતે જ મેકેન્ઝીની રાતોરાત વિશ્વની સૌથી ધનાઢ્ય મહિલાઓમાં ગણતરી થવા લાગી. મેકેન્ઝી અત્યારે ૪૮ વર્ષની છે. મેકેન્ઝીએ એમેઝોનના મસ મોટા એમ્પાયર પાછળ પણ મજબૂત ભૂમિકા ભજવી છે.

વાત કરવી છે લગ્નવિચ્છેદથી મેકેન્ઝીને મળેલાં રૂપિયા કરતાં બે વ્યક્તિની સંવેદના વચ્ચે પડેલી તિરાડની. કહે છે કે, લગ્ન સાત જન્મોનું બંધન છે. ઘણીવાર એવું પણ બને કે, સાત મહિનામાં જ સહજીવન જેલ જેવું લાગવા લાગે છે. આની પાછળ સૌથી મોટું જો કોઈ કારણ હોય તો એ સંયુક્ત પરિવારની ભુસાતી પરિભાષા છે. સંયુક્ત પરિવાર એક બીજાને એક સાથે બાંધી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવતું હોય છે. પતિ અને પત્નિ સિવાય પરિવારના અન્ય સભ્યોની લાગણી, માગણી અને સાથ અસર કરતાં હોય છે. નાની નાની વાતોમાં થતાં ડિફરન્સ ઓફ ઓપિનીયન સંયુક્ત પરિવારને કારણે નગણ્ય બની જતાં હોય છે. વધારે પડતી અપેક્ષાઓ એકલતામાં ફુલીને મોટી બની જતી હોય છે. જવાબદારી અને એકબીજા પ્રતિ સન્માનનો અભાવ છુટાછેડાના પાયામાં હોય છે.

લગ્નવિચ્છેદ, તલાક, છૂટાછેડા, ડિવોર્સ આ શબ્દો જ અત્યંત પીડાદાયક અને ત્રાસ આપનારા હોય છે. તેનાથી કોઈને પણ આનંદ ન જ મળે. એવું તો શું કારણ હોઈ શકે કે કોઈની પણ હસતી ખેલતી જિંદગીમાં તલાકનું ઝહેર ફેલાઈ જાય. ડિવોર્સના વધતા જતાં કિસ્સા ચિંતાજનક છે. છેલ્લા ૧ દાયકામાં વિશ્વમાં છૂટાછેડાના કિસ્સાઓમાં ૫૬ ટકા જેટલો વધારો નોંધાયો છે. ગામડાં કરતાં મહાનગરોમાં છૂટાછેડાની સમસ્યા વધુ વિકરાળ બની છે. દિલ્હી, કલકત્તા, મુંબઈ જેવા મેટ્રો સિટીઝમાં પ્રતિદિન ૧૦ હજાર લગ્નવિચ્છેદના કિસ્સા જોવા મળે છે. દેશમાં પ્રતિ ૧૦૦ લગ્ને એક લગ્નનો વિચ્છેદ થતો હોય છે. રશિયામાં સૌથી વધુ છૂટાછેડા થતાં હોય છે. બીજા ક્રમે બેલારુસ અને ત્રીજા ક્રમે યુક્રેન આવે છે. મજાની વાત એ છે કે, સ્વીડનમાં વાર્ષિક ફક્ત ૧૫ છૂટાછેડાના કિસ્સા નોંધાય છે. પણ એની પાછળનું કારણ ૫૦ ટકા પુરુષો અને ૪૦ ટકા સ્ત્રીઓએ લગ્ન જ નથી કર્યાં.

એકમેકનો સાથ છોડવાના કિસ્સાઓમાં વર્ષ ૨૦૧૩ની સરખામણીએ આજે જબરજસ્ત ઉછાળ આવ્યો છે. બૌદ્ધ ધર્મીઓમાં ૩૪ ટકા છુટાછેડાના કિસ્સા વધ્યા છે. જ્યારે હિન્દુઓમાં ૪૦ ટકા અને મુસ્લિમોમાં ૩૯ ટકા તલાકના કિસ્સા વધ્યા છે. વ્યક્તિના વિકાસ માટે સંબંધ અને લાગણી બે મહત્વના અંગો છે. કોઈપણ સંબંધ વિશ્વાસ કરતાં સમજણ ઉપર વધુ ટકેલો હોય છે. સંબંધને સાચવવા માટે પત્નિ કે પતિ નમે છે ત્યારે એમાં લાચારી કરતાં ખાનદાની વધુ હોય છે. સંબંધો સંભાળાય ત્યારે જ તે વિકાસ પામી મોટા બનતાં હોય છે. વ્યક્તિ, વસ્તુ અને વાતનો સહજ સ્વિકાર થાય ત્યારે સંબંધોની સુવાસ વધુ મહેકતી હોય છે.

આર્થિક તાકાતથી ક્યારેય સમજ પેદા થતી જોવા નથી મળી. મેકેન્ઝી અને જેમ્સ જેવા સંપન્ન પરિવારમાં થયેલા વિચ્છેદ જેવા જ ઋતિક રોશન અને સુઝાન ખાન, પ્રભુ દેવા અને રામલતા, કરિશ્મા કપુર અને સંજય, સ્ટીવ અને એલેઈન, રુપર્ટ મર્ડોક અને એન્ના ટોર્વ જેવા અનેક પ્રતિષ્ઠિત ડિવોર્સ કેસ છેલ્લા દાયકામાં જોવા મળ્યા છે. આવા કિસ્સાઓમાં સંપત્તિ કરતા સમજનો અભાવ વધુ કારણભુત હોય છે.

ફિલિપીન્સ દેશની વાત અનોખી છે. આ દેશમાં નાગરિકોને ડિવોર્સ લેવાની પરવાનગી નથી. ફિલિપીન્સ કેથલીક દેશના જૂથનો એક ભાગ છે જ્યાં લગ્નને પવિત્ર બંધન માનવામાં આવે છે. લોકો મજાકમાં એવું પણ કહેતાં હોય છે કે ફિલિપીન્સ માને છે કે, અહીં લાસવેગાસ જેવી સ્થિતિ ન હોવી જોઈએ કે જ્યાં સવારે લગ્ન થાય અને સાંજે ડિવોર્સ થાય. જ્યારે ઓસ્ટ્રેલિયામાં એક પ્રદેશના મૂળ નિવાસીઓમાં મહિલાઓની પાસે છૂટાછેડા લેવા માટે એક અનોખી રીત હોય છે. જો મહિલા અન્ય કોઈ સાથે ભાગીને લગ્ન કરી લે તો અગાઉ લગ્ન આપોઆપ રદ થઈ જાય. મીસીસીપ્પીમાં પતિ અથવા પત્ની ઉપરાંત કોઈ ત્રીજી વ્યક્તિને તેમના લગ્ન તૂટવામાં જવાબદાર માનવામાં આવે તો તેને ભારે દંડ ભરવો પડે છે. ન્યુ મેક્સિકો અને મીસીસીપ્પી સહીત અમેરિકાના સાત રાજ્યોમાં આ વાત લાગુ પડે છે.

બ્રિટનમાં રહેતાં માર્કને જ્યારે એની પત્નીની બેવફાઈની ખબર પડી ત્યારે તેણે વિચાર્યું કે જો એ ફરી વખત આવું કરશે તો હું એનું દુખ સહન નહીં કરી શકું. તેથી તેણે ડિવોર્સ લઈ લીધા પરંતુ તે તેની પત્ની સાથે ગાળેલાં સમયને ભૂલી ન શક્યો. એ કહે છે કે, 'સામાન્ય રીતે મારા મિત્રો અને લોકો મને સાંત્વના આપવા માટે મારી પત્ની વિશે કંઈને કંઈ ખરાબ બોલે જેથી મને દિલાસો મળે એવું એ લોકો વિચરતા. પરંતુ ખરેખર તો એ સાંભળીને મને દિલાસો મળવા કરતાં દુખ વધારે થતું.' આનો મતલબ એ થાય કે, બે વ્યક્તિઓની સંવેદના અને સાથે ગાળેલા સમયની યાદોનું મોટું ચક્ર ક્યારેય તુટતું નથી બલ્કે એ છૂટા થયા પછી વધુને વધું મોટુ બનતું હોય છે.

સંબંધોનું પોત પાતળું પડી રહ્યું હોય એવું કેમ અને ક્યારે લાગે છે. લગ્નજીવનના સંબંધો વિખરાઈ જવાં પાછળના કેટલાક પરિબળો સમજવાં જેવાં છે. આજના જમાનામાં પુરુષ અને મહિલા બન્ને વધુ પ્રોફેશનલ બન્યા છે. વળી મહિલાઓ આર્થિક દ્રષ્ટિએ આત્મનિર્ભર અને વધુ સંપન્ન બની છે. પરિણામે આપસી મતભેદનું પ્રમાણ વધતું જાય છે. આર્થિક શક્તિઓ વધતાં સ્વાભાવિક રીતે જ મોડર્ન લાઈફ સ્ટાઈલ અને આઝાદ રહેવાની ચાહત વિસંવાદિતતાનું કારણ બનતાં હોય છે. મોડર્ન લાઈફ સ્ટાઈલમાં સહનશિલતા અને સમજ દિન-પ્રતિદિન ઘટતા જાય છે. સંબંધોમાં જ્યારે આર્થિક કે સામાજિક ફાયદો જોવામાં આવે ત્યારે તેમાં અવશ્ય વિક્ષેપના બીજ રોપાય વગર ન રહે છે. સંબંધો વિશ્વાસ અને ભરોસાના પોત ઉપર પનપતાં હોય છે. પતિ-પત્નીના સંબંધ અણમોલ છે. પૈસા વગર જ્યાં સુખ પ્રાપ્ત થતું હોય એ ક્ષેત્ર સંબંધોની સુવાસ ફેલવાનું કામ કરતું હોય છે.

પોતાના સેન્સેસન, ઈમોશન, બોડી વગેરે જેની સાથે દિવસો, મહિનાઓ કે વર્ષો સુધી શેર કર્યા છે. એનાથી અલગ થવાનો નિર્ણય કરતી વખતે યાદોનું બહુ મોટું જંગલ ઊભું થઈ જતું હોય છે. એવું કહેવાય કે મૃત્યુ માણસની મેમરીને વધુ સ્ટ્રોંગ બનાવે છે. છૂટાછેડા પણ માણસની એકબીજાની સાથેના સહવાસની યાદોને વધુ મજબૂતાઈથી જકડતી હોય છે. ડિવોર્સ એ યાદોની માયાજાળને વધુ વકરાવવા વ્યક્તિએ જાતે સ્વીકારેલુ સ્વૈચ્છિક મૃત્યુ છે. જ્યારે

અનુસંધાન પાના નં ૭ પર